# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત.

સુરત મહાનગરપાલિકાની (કોડ–૫૧૩) સુપરવાઈઝર(કોમ્પ્યુટર)ની પરીક્ષા તા.૨૬/૦૨/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલ છે. જે પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોના ગુણ સહિત પાસ થયેલા ઉમેદવારોની યાદી એનેક્ષર–૧ થી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સુપરવાઈઝર (કોમ્પ્યુટર) ની જગ્યા માટે પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના ૬૦ % તથા ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦% મુજબ ગણતરી કરતા ૧૦૦ % મુજબ ભારાંક નકકી થયેલ હોય, (ભારાંક અંગેની વિગતો ઉમેદવારને આપવામાં આવેલ લેખિત પરીક્ષાના કોલ લેટર સમયે પણ જણાવવામાં આવેલ છે.) જે મુજબ ગણતરી કરી આખરી મેરીટયાદી તૈયાર કરવામાં આવશે.

મેરીટયાદી તૈયાર કરવા માટે નકકી થયેલ ભારાંક અન્વયે પરીક્ષામાં સફળ જાહેર થયેલા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રોની ખરાઈ કરવા માટે **તા.૨૪/૦૫/૨૦૨૩** ના રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ડોકયુમેન્ટ વેરીફીકેશન રાખવામાં આવેલ છે. જે અંગે પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોને ટપાલ મારફતે કોલ લેટર મોકલવામાં આવેલ છે. જેમાં સમય અને સ્થળની વિગતો દર્શાવેલ છે. **ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ઉમેદવારે નીચે દર્શાવ્યા મુજબના પ્રમાણપત્રો તથા તમામની એક સ્વ–પ્રમાણિત નકલ ગોઠવીને લાવવાનું રહેશે. શૈક્ષણિક લાયકાત મુળ જાહેરાતની આખર તારીખ પહેલા મેળવેલ હશે તે જ માન્ય ગણાશે.**

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૩) જાતિ અંગેનું પ્રમાણપત્ર. (જો લાગુ પડતું હોય તો)

(૪) મુળ અરજીમાં સાથે સામેલ કર્યા મુજબનું નોન–ક્રિમીલેયર સર્ટી. SEBC કેટેગરી માટે.

(૫) ડીપ્લોમા પાસ કરેલ હોય તો તેની તમામ માર્કશીટ તથા પાસીંગ પ્રમાણપત્ર તેમજ ટ્રાયલ સર્ટી.

(૬) સ્નાતક (બેચલર) ની તમામ માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર તેમજ ટ્રાયલ સર્ટી.

(૭) અનુસ્નાતક(માસ્ટર) ની તમામ માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્રો તેમજ ટ્રાયલ સર્ટી.

(૮) મુળ અરજીમાં દર્શાવ્યા મુજબ અનુભવના અસલ પ્રમાણપત્રો સંબંધિત સંસ્થાના લેટરપેડ ઉપર.

(૯) ઓરીજીનલ આઈ– ડી પ્રુફ (આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) કોઈપણ એક.

(૧૦) લેખિત પરીક્ષા અંગેનો કોલ લેટર.

* * * * * * * *